W.C.(NFatal)No.8/2022

| GJDH090001562022 | RECEIVED ON | 04.10.2022 |
|---|---|---|
| | REGISTERED ON | 04.10.2022 |
| | DECIDED ON | 07.03.2023 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 03 05 00 |

**દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનર શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, દાહોદ**

**વ.કો.(નોન ફેટલ) અરજી નં.૮/૨૦૨૨**
**આંક–૨૧**

| **પક્ષકારોના નામ** | **ઉ.વ.આ.** | **ધંધો.** | **રહેવાસી.** |
|---|---|---|---|
| સબુરભાઈ પારસીંગભાઈ ડામોર C/O દાહોદ જિલ્લા જનરલ કામદાર યુનિયન, દાહોદ | ૪૮ | કાંઈ નહી | ગામ. જાફરપુરા, તા.ઝાલોદ, જી.દાહોદ **.....અરજદાર** |

**વિરૂઘ્ધ**

| | | | |
|---|---|---|---|
| સુશીલભાઈ રોશનલાલ જૈન | – | – | સીક્યુરીટી એસ્ટેટ, કાશીરામ મીલ પાછળ, જલારામ મસાલાવાળાની બાજુમાં, નારોલ, અમદાવાદ **...સામાવાળા** |

**હાજર રહયા :–** અરજદાર તરફે વિ.પ્રતિનિધિ શ્રી એસ.આર.બારીઆ
સામાવાળા તરફે ગેરહાજર

**–:: હુકમ ::–**

(૧) સદર અરજી આ કામના અરજદારે કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે (કે જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી તેઓને સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત ઈજાઓ થયેલી છે તેમ જણાવી ઈજાના કારણે રહેલી કાયમી ખોડના વળતરની રકમ રૂા.૨૦,૧૩,૪૮૦/– વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળા પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલી છે.

(૨) અરજદારની અરજીની વિગત ટુંકમાં એવી છે કે, તેઓ અરજીમાં જણાવેલ ઠામ ઠેકાણે રહે છે અને મહેનત મજુરી કરીને તેમનું તથા તેમના પરીવારનું ભરણપોષણ કરે છે. તેઓ

અન્ય મજુરો સાથે સામાવાળાની સહજાનંદ એસ્ટેટ કંપની, નારોલ, અમદાવાદ ખાતે કડીયાકામની મજુરી અર્થે ગયેલા અને સામાવાળા તથા તેમના સુપરવાઈઝર કંપનીમાં ચણતર પ્લાસ્ટર તેમજ તોડફોડનું કામ કરાવતા હતા અને તે રીતે તેઓ અને સામાવાળા વચ્ચે નોકર–માલીકના સંબંધો પ્રસ્થાપિત થયેલા છે. તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ સાંજના ૪:૦૦ વાગ્યાની આસપાસના સમયગાળામાં પહેલા માળે તેમની ચણતર પ્લાસ્ટરની કામગીરી ચાલુ હતી ત્યારે જોડે જુની દિવાલનું તોડફોડ ચાલુ હતી તે દિવાલ તેઓ ઉપર પડતા તેઓ દિવાલ નીચે દબાઈ ગયેલા અને તેઓનો ડાબો અને જમણો પગ એડીમાંથી તુટી ગયેલો અને શરીર ઉપર નાની મોટી ઈજાઓ થયેલી. જેથી તેઓ બેભાન થઈ જતા સાઈટ ઉપરના સુપરવાઈઝરે ૧૦૮ બોલાવી સરકારી સિવિલ હોસ્પીટલ અમદાવાદ ખાતે સારવાર અર્થે લઈ ગયેલા અને ત્યાંથી દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલ અમદાવાદ ખાતે રીફર કરવામાં આવેલા. જયાં તેઓને અંદરના દર્દી તરીકે દાખલ કરી તેઓના ડાબા તથા જમણા પગમાં પ્લેટો મુકી ઓપરેશન કરવામાં આવેલુ અને સદર હોસ્પીટલમાં ૧૧ દિવસ સુધી અંદરના દર્દી તરીકે રાખી તેઓની સારવાર કરવામાં આવેલી. સામાવાળાએ તેમની કંપની પાસે વીમો હોઈ વળતરના નાણાં મળી જશે અને ચોકીદાર તરીકે નોકરી ઉપર પણ રાખીશું અને પોલીસ સ્ટેશને અને વીમા કંપનીમાં ફરીયાદ કરવાનું કામ તેઓનું છે તેમ જણાવી હોસ્પીટલમાંથી રજા આપ્યા બાદ તેઓને તેમના વતન મોકલી આપેલા. વતનમાં આવ્યા બાદ તેઓએ ધ્રુન ઓર્થોપેડીક, ઝાલોદ મુકામે વધુ સારવાર કરાવેલી તેમજ જમણા તથા ડાબા પગમાં સળીયા તથા પ્લેટ નાંખવાથી ડ્રેસીંગ તથા આખા શરીરે દુ:ખાવો થવાથી તેઓએ દાહોદ દવાખાને સારવાર લીધેલ હતી જેનો અંદાજે રૂા.૩૫,૦૦૦/– ખર્ચ થયેલ છે. ત્યારબાદ તબીયત સારી થતાં તેઓ તેમના કુટુંબના માણસો સાથે સામાવાળા પાસે ગયેલા ત્યારે દવાખાનાનો રૂા.૧,૨૫,૦૦૦/– ખર્ચ થયેલ છે તે લઈ આવો તે પછી વીમાના પૈસા મળશે તેમ જણાવી ખોટા ખોટા આશ્વાસનો આપી તેઓને પોલીસ સ્ટેશને કે અન્ય કોઈપણ જગ્યાએ પોલીસ ફરીયાદ કરવા દીધેલ નથી અને તેઓ સાથે છેતરપીંડી કરેલી છે. હાલમાં તેઓ લાચાર, નિ:સહાય થઈ ગયેલ છે અને બેહાળુ જીવન ગુજારે છે. અકસ્માત સમયે તેઓની ઉંમર ૪૮ વર્ષની હતી અને સામાવાળા દૈનિક રૂા.૭૦૦/– હાજરી આપતા હોઈ માસીક રૂા.૨૧૦૦૦/– પગાર થાય જેની ૬૦% રકમ રૂા.૧૨,૬૦૦/– ને ૪૯ વર્ષના ઉંમરના રીલેવન્ટ ફેકટર ૧૫૯.૮૦ સાથે ગુણતા રૂા.૨૦,૧૩,૪૮૦/– અકસ્માત વળતર થાય જે આ કામના સામાવાળા ચુકવી આપવા કાયદેસર જવાબદાર થાય છે. જેથી માંગ્યા મુજબની અકસ્માત વળતરની રકમ વ્યાજ,ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવો જોઇએ.

(૩) આ કામે આંક–૦૪ ની નોટીસ વગર બજે પરત આવતા સામાવાળાને આંક–૦૮ થી રજુ થયેલ નવા સરનામે નોટીસ ઈસ્યુ કરવામાં આવલી જે પણ વગર બજે પરત આવેલ છે. તે પછી અરજદારે સામાવાળાને પોતાના ખર્ચે નોટીસ મોકલેલી જે મોકલ્યા અંગેની આર.પી.એડી.સ્લીપ તથા તે બજયા અંગેનો પોસ્ટના ઓનલાઈન ટ્રેક રીપોર્ટ આંક–૧૨ ના લીસ્ટથી અરજદારે રજુ કરેલ છે. ત્યારબાદ પણ સામાવાળા તરફે જવાબ રજુ ન થતા આંક–૧૩ હેઠળ હુકમ કરી તેઓનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૪) આંક–૦૫ થી નિયત નમુના–એ મુજબની નોટીસ કામદાર વળતર ધારા હેઠળ નીમાયેલ કમિશનરશ્રી, મજુર અદાલત અમદાવાદ અને સરકારશ્રીને મોકલવામાં આવેલી છે.

(પ) અરજદારે આંક–૦૩ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૦૮ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | અસલ/નકલ | આંક |
|---|---|---|---|---|
| ૧ | અરજદારનું સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ | ૨૦/૦૭/૯૬ | નકલ | નિ.૩/૧ |
| ૨ | અરજદારનું આધાર કાર્ડ | – | નકલ | નિ.૩/૨ |
| ૩ | અરજદારનું ચુંટણી કાર્ડ | ૦૮/૦૬/૯૫ | નકલ | નિ.૩/૩ |
| ૪ | અરજદારનું રેશન કાર્ડ | – | નકલ | નિ.૩/૪ |
| ૫ | અરજદારનો જાતિનો દાખલો | ૧૭/૦૭/૧૮ | નકલ | નિ.૩/૫ |
| ૬ | દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલના સારવારના કાગળો અને દવાના બીલો | ૧૨/૦૩/૨૧ | અસલ | નિ.૩/૬ |
| ૭ | ધુન હોસ્પીટલના સારવારના કાગળો અને દવાના બીલો | ૨૨/૦૩/૨૧ | અસલ | નિ.૩/૭ |
| ૮ | અરજદારનું ખોડ અંગેનું સર્ટી | ૧૭/૦૯/૨૨ | અસલ | નિ.૩/૮ |

(૬) અરજદારે આંક–૧૫ થી એફિડેવીટ પર જુબાની આપેલ છે. સદર સોગંદનામાની નકલ સામાવાળાને મોકલ્યા અંગેની પોસ્ટની રસીદ અને રીફ્યુઝના શેરા સાથે પરત આવેલ કવર આંક–૧૬ ના લીસ્ટથી અરજદારે રજુ કરેલ છે. ત્યારબાદ પણ સામાવાળા ઉલટ માટે હાજર ન રહેતા આંક–૧૭ હેઠળ હુકમ કરી તેઓનો ઉલટનો હકક બંધ કરવામાં આવેલો છે.

આંક–૧૮ ની પુરસીસથી અરજદારે તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૭) સામાવાળા તરફે પુરાવા રજુ ન થતાં આંક–૧૯ હેઠળ હુકમ કરી તેઓનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૮) અરજદાર તરફે તેમના વિ.પ્રતિનિધિ શ્રી એસ.આર.બારીઆએ મૌખિક દલીલો કરેલ છે. સામાવાળા તરફે દલીલ માટે કોઈ હાજર ન રહેતાં આંક–૨૦ હેઠળ હુકમ કરી તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૯) દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે આંક–૧૪ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**મુદ્દાઓ:–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે તેઓ અને સામાવાળા વચ્ચે નોકર–માલિકનો સબંધ હતો?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે તેઓને સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માતથી ઈજા થયેલી છે?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને થયેલ અકસ્માત ઈજાને કારણે કાયમી/ હંગામી/ આંશિક/ પુરેપુરી અશકતતા આવેલી છે? જો હા તો કેટલી?

(૪) અકસ્માતની તારીખે અરજદારની ઉંમર અને માસીક પગાર શું હતા?

(૫) શું અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે?

(૬) શું અરજદાર સામાવાળા પાસેથી વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમ મેળવવા હકકદાર થાય છે ?

(૭) આખરી શો હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં, ૨૨ %

(૪) વળતરની ગણતરી માટે ઉંમર ૪૬ વર્ષ, માસીક પગાર રૂા.૧૫,૦૦૦/–

(૫) હકારમાં.

(૬) હકારમાં.

(૭) આખરી હુકમ મુજબ.

**(૧૧)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે પહેલો અને બીજો મુદ્દો એકબીજા સાથે સંકળાયેલ હોઈ તે બંનેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. રેકર્ડ જોતાં અરજદારની રજુઆત એવી છે કે, તેઓ સામાવાળાની સહજાનંદ એસ્ટેટ કંપની, નારોલ, અમદાવાદ ખાતે ચણતર પ્લાસ્ટર તેમજ તોડફોડનું કામ કરતા હતા અને તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ સાંજના ૪:૦૦ વાગ્યાની આસપાસના સમયગાળામાં પહેલા માળે તેમની ચણતર પ્લાસ્ટરની કામગીરી ચાલુ હતી ત્યારે જોડે જુની દિવાલની તોડફોડ ચાલુ હતી તે દિવાલ તેઓ ઉપર પડતા તેઓ દિવાલ નીચે દબાઈ ગયેલા અને તેઓનો ડાબો અને જમણો પગ એડીમાંથી તુટી ગયેલ જેથી તેઓને ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પીટલ અમદાવાદ ખાતે સારવાર અર્થે લઈ ગયેલા અને ત્યાંથી દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલ અમદાવાદ ખાતે રીફર કરવામાં આવેલા. જયાં ૧૧ દિવસ સુધી તેઓને અંદરના દર્દી તરીકે રાખી તેઓના ડાબા તથા જમણા પગમાં પ્લેટો મુકી ઓપરેશન કરવામાં આવેલુ. તે પછી વતનમાં આવ્યા બાદ તેઓએ ધ્રુન ઓર્થોપેડીક હોસ્પીટલ, ઝાલોદ મુકામે વધુ સારવાર કરાવેલી તેમજ જમણા તથા ડાબા

પગમાં સળીયા તથા પ્લેટ નાંખવાથી ડ્રેસીંગ તથા આખા શરીરે દુઃખાવો થવાથી તેઓએ દાહોદ દવાખાને સારવાર કરાવેલ છે અને અકસ્માતમાં થયેલ ઈજાના કારણે તેઓને કાયમી ખોડ રહી ગયેલ છે તેમ જણાવેલુ છે. આ કામે સામાવાળાને નોટીસ બજવા છતાં તેઓએ હાજર થઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ બચાવ કરેલ નથી. અરજદારે આંક-૧૫ થી એફિડેવીટ પર આપેલ જુબાનીથી અરજીની વિગતોને સમર્થન આપેલ છે જેને સામાવાળાએ ઉલટ કરી પડકારેલ નથી. જેથી આ કામે અરજદારની જુબાની અનચેલેન્જ રહેલ હોઈ અરજદારે સોગંદ પર જણાવેલ હકીકત નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. અરજદારે તેઓની રજુઆતના સમર્થનમાં આંક-૦૩ ના લીસ્ટથી નિ.૩/૬ થી દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલ, અમદાવાદના સારવારના કાગળો, ગાંધી પેથોલોજી લેબોરેટરીના રીપોર્ટ, ડાબા પગના ઘુંટીનો એકસ-રે રીપોર્ટ રજુ કરેલ છે. સદર સારવારના કાગળો અને એકસ-રે રીપોર્ટ જોતાં અકસ્માતમાં થયેલ ઈજાના કારણે અરજદારને સદર હોસ્પીટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરી તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ અરજદારના ડાબા પગની ઘુંટીના ભાગે ઓપરેશન કરી સળીયા તથા પ્લેટ મુકવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. નિ.૩/૭ થી ધ્રુન ઓર્થોપેડીક હોસ્પીટલ, ઝાલોદના સારવારના કાગળો, એકસ-રે રીપોર્ટ અને દવાના બીલો રજુ કરેલા છે તે જોતાં અરજદારના ડાબા પગે ઘુંટીના ભાગે ઓપરેશન કરી સળીયા અને પ્લેટો નાંખેલ હોવાથી તે અંગેનું ડ્રેસીંગ તથા અન્ય સારવાર અરજદારે સદર હોસ્પીટલમાં લીધેલ હોવાનું જણાઈ આવે છે. સદર દસ્તાવેજી પુરાવો જોતાં તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ થયેલ અકસ્માત ઈજાના કારણે અરજદારે અંદરના દર્દી તરીકે દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલ, અમદાવાદ ખાતે સારવાર લીધેલ છે અને તે પછી વધુ સારવાર ધ્રુન ઓર્થોપેડીક હોસ્પીટલ, ઝાલોદ ખાતે લીધેલ હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે. અરજદાર તરફે ઉપરોકત દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવા રજુ કરવામાં આવેલા નથી. પરંતુ અરજદારે તેમની અરજીમાં અને સોગંદ પરની જુબાનીમાં સામાવાળાની સહજાનંદ એસ્ટેટ કંપની, નારોલ, અમદાવાદ ખાતે તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ ચણતર પ્લાસ્ટરની કામગીરી કરતા દરમ્યાન દિવાલ નીચે દબાઈ જતા તેઓને ડાબા અને જમણા પગમાં એડીના ભાગે ઈજા થતા તેઓએ દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલમાં અને તે પછી વતનમાં આવ્યા બાદ ધ્રુન ઓર્થોપેડીક હોસ્પીટલમાં સારવાર લીધેલ હોવાનું સ્પષ્ટ જણાવેલુ છે જેને સામાવાળાએ ઉલટ કરી પડકારેલ ન હોય અરજદારે સદર હોસ્પીટલોમાં લીધેલ સારવાર સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ અકસ્માત ઈજાના કારણે લીધેલ હતી તેવું માનવાને કારણ રહે છે. આ કામે સામાવાળાએ હાજર થઈ તેઓ સહજાનંદ એસ્ટેટ કંપનીના માલીક નથી કે તેઓ અને અરજદાર વચ્ચે કામદાર-માલિકના સંબંધો નથી કે અરજદારને તેઓની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત ઈજા થયેલ નથી તેવી કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. જેથી સામાવાળાએ અરજદારે સોગંદ પર જણાવેલ વિગતોને ઉલટ કરી પડકારેલ ન હોઈ વિરૂધ્ધના પુરાવાના અભાવે બનાવ સમયે અરજદાર સામાવાળાની સહજાનંદ એસ્ટેટ કંપનીમાં ચણતર પ્લાસ્ટરની કામગીરી કરતા હતા તે દરમ્યાન થયેલ અકસ્માતના કારણે અરજદારને ઈજા થયેલ હોવાનું

નહી માનવા માટે કોઈ કારણ રહેતું નથી. જેથી મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(બી)** આ કામે ત્રીજો મુદ્દો અરજદારને કાયમી/હંગામી/ આંશિક/પુરેપુરી અશકતતા રહેલી છે કે કેમ? તે બાબતનો છે. અરજદારે તેમની અરજીમાં અને સોગંદ પરની જુબાનીમાં તેઓ હાલમાં નિ:સહાય લાચાર અને બેઠાડું જીવન જીવે છે તેમ જણાવેલું છે અને તેઓની રજુઆતના સમર્થનમાં આંક–૦૩ ના લીસ્ટથી અકસ્માત ઈજાના કારણે તેઓએ અલગ અલગ હોસ્પીટલમાં લીધેલ સારવારના કાગળો તેમજ ખોડનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. નિ.૩/૬ થી દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલ, અમદાવાદના સારવારના કાગળો તથા ડાબા પગના ઘુંટીનો એક્સ–રે રીપોર્ટ જોતાં અકસ્માતમાં થયેલ ઈજાના કારણે તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ અરજદારના ડાબા પગની ઘુંટીના ભાગે ઓપરેશન કરી સળીયા તથા પ્લેટ મુકવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. નિ.૩/૭ થી ધ્રુન ઓર્થોપેડીક હોસ્પીટલ, ઝાલોદના સારવારના કાગળો તથા એક્સ–રે રીપોર્ટ જોતાં અરજદારના ડાબા પગે ઘુંટીના ભાગે ઓપરેશન કરી સળીયા અને પ્લેટો નાંખેલ હોવાથી તે અંગેનું ડ્રેસીંગ તથા અન્ય સારવાર અરજદારે સદર હોસ્પીટલમાં લીધેલ હોવાનું જણાઈ આવે છે. નિ.૩/૭ ના ઝૈનબ નર્સીંગ હોમના ડૉ.કુતુબ ગુંદરવાલાએ તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ આપેલ કાયમી ખોડના પ્રમાણપત્રમાં થયેલ ઈજાના કારણે અરજદારને ૨૨% કાયમી શારીરિક અશકતતા રહેલ હોવાનું દર્શાવેલ છે જેને સામાવાળાએ હાજર થઈ પડકારેલ નથી કે વિરૂધ્ધના કોઈ પુરાવા રજુ કરેલ નથી.અકસ્માતમાં થયેલ ઈજાના કારણે અરજદારના ડાબા પગની ઘુંટીના ભાગે ઓપરેશન કરી સળીયા નાંખવામાં આવેલ હોઈ સ્વભાવિક રીતે જ અરજદારના ડાબા પગનું હલન ચલન મર્યાદિત થયેલ હોય અને તેઓને લાંબો સમય ઉભા રહેવામાં તકલીફ પડે અને પહેલાની જેમ કામ કરી શકે નહી તેને ધ્યાને લેતાં વળતરની ગણતરી માટે અરજદારની કમાવવાની શકિતમાં થયેલ અકસ્માત ઈજાના કારણે ૨૨% નો ઘટાડો થયેલ હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં અને ૨૨% તે મુજબ આપવામાં આવે છે.

**(સી)** આ કામે ચોથો મુદ્દો અકસ્માત તારીખે અરજદારની ઉંમર અને માસીક પગાર શું હતા? તે બાબતનો છે. અરજદારે અરજીમાં અને સોગંદ પરની જુબાનીમાં તેઓને સામાવાળા દૈનિક રૂા.૭૦૦/– લેખે માસીક રૂા.૨૧,૦૦૦/– પગાર આપતા હતા તેમ જણાવેલું છે. પણ, તેના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે અરજદારને સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત ઈજા થયેલ છે. તે સંજોગોમાં અરજદારને દૈનિક કે માસીક કેટલી રકમ ચુકવવામાં આવતી હતી? તે અંગે સામાવાળા સ્પષ્ટ માહીતી આપી શકે, પરંતુ અરજદારને દૈનિક રૂા.૭૦૦/– નહી, તો રોજનું કેટલું વેતન તેઓ ચુકવતા હતા તેની કોઈ સ્પષ્ટતા કે પુરાવો સામાવાળાએ આ કામે હાજર થઈ રજુ કરેલો નથી. જેથી અરજદારે સોગંદ પર જણાવેલ હકીકત કે સામાવાળા દૈનિક રૂા.૭૦૦/– લેખે માસીક રૂા.૨૧,૦૦૦/– પગાર ચુકવતા હતા તે નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. પરંતુ, અકસ્માત તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ બનેલ હોઈ

એટલે કે તા.૩૧/૦૫/૨૦૧૦ થી અમલમાં આવેલા વેતનના સુધારા પછી બનેલ હોઈ તા.૦૩/૦૧/૨૦૨૦ થી અમલમાં આવેલા છેલ્લા સુધારા અન્વયે અકસ્માત તારીખે પ્રર્વતમાન કાયદાની પરિસ્થિતિ મુજબ વળતરની ગણતરી માટે ગુજરનારનું મહતમ માસીક વેતન રૂા.૧૫,૦૦૦/−ધ્યાને લેવાનું રહે છે.

અરજદારે અરજીમાં અકસ્માત સમયે તેમની ઉંમર ૪૮ વર્ષની જણાવેલી છે અને તેના સમર્થનમાં નિ.૩/૧ થી સ્કુલ લીવીંગ સર્ટીફિકેટની ઝેરોક્ષ રજુ કરેલ છે જેમાં અરજદારની જન્મ તા.૦૨/૦૭/૧૯૭૪ ની દર્શાવેલી છે અને નિ.૩/૨ ના આધાર કાર્ડમાં અરજદારની જન્મ તા.૦૧/૦૭/૧૯૭૪ ની દર્શાવેલી છે. જેમાં સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ આધાર કાર્ડ પહેલાનું છે અને સદર બંને દસ્તાવેજોમાં માત્ર તારીખમાં એક દિવસનો ફરક છે માસ અને વર્ષ સરખા છે તેને ધ્યાને લેતાં તારીખમાં એક દિવસનો ફરક હાલના કેસમાં બનાવની તારીખ જોતા મહત્વનો રહેતો નથી. જેથી અકસ્માત તા.૧૨/૦૩/૨૦૨૧ ના રોજ બનેલ હોઈ તે અગાઉની જન્મ તા.૦૧ કે ૦૨/૦૭/૨૦૨૦ ના રોજ અરજદારે ૪૬ વર્ષ પૂર્ણ કરેલા હોઈ અને તેની વિરૂધ્ધના કોઈ પુરાવા સામાવાળાએ રજુ કરેલ ન હોઈ વળતરની ગણતરી માટે અરજદારની ઉંમર ૪૬ વર્ષની ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે. કાયદાની કલમ−૪ અને શીડયુલ−૪ ની જોગવાઈ નીચે મુજબ છે.

**કલમ−૪ વળતરની રકમ**

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધિન વળતરની રકમ નીચે પ્રમાણે રહેશે.

**(એ)....**

**(બી)....**

**ખુલાસો :**(૧) કલોઝ (એ) અને (બી) ના હેતુઓ માટે કામદારના સંબંધમાં સુસંગત પરિબળ એટલે વળતર લેણું થાય તે તારીખ તરત અગાઉના કામદારના છેલ્લા જન્મ દિવસે તેની ઉંમરના પુરા થતા વર્ષો જેટલા જ વર્ષોની સંખ્યા નિયત કરતાં પરિશિષ્ટ−૪ ના પ્રથમ કોલમમાં અપાયેલ નોંધ સામે તે જ પરિશિષ્ટના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરાયેલ પરિબળ.

**(સી)....**

**(ડી).....**

**અનુસૂચિ −૪**

**(જુઓ કલમ−૪)**

| | |
|---|---|
| કાયમી અશકતતા અને મૃત્યુની બાબતમાં ઉચ્ચક વળતરની ગણતરી કરવા માટેના અવયવો જે તારીખે વળતર લેણુપડે તેની તરત પહેલાં આવતી કામદારની છેલ્લી જન્મ તારીખે ઉંમરના પૂરેપુરા વર્ષ | અવયવો |

**(ડી)** આ કામે પાંચમો મુદ્દો સામાવાળાઓ પાસેથી અરજદાર વળતર મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. આ કામે સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ અકસ્માત ઈજાના કારણે અરજદારને કાયમી આંશિક અશકતતા રહેલી હોઈ સામાવાળા વળતરની રકમ અરજદારને ચુકવી આપવા જવાબદાર ઠરે છે.

વળતરની ગણતરી કરીએ તો અકસ્માત સમયે અરજદારના વળતરની ગણતરી માટેના માસીક વેતન રૂ.૧૫,૦૦૦/- ની ૬૦% રકમ રૂ.૯૦૦૦/- ને કાયદાના શીડયુલ-૪ માં ૪૬ વર્ષ સામે દર્શાવેલ સંબંધીત ગુણાંક ૧૬૬.૨૯ સાથે ગુણતા રૂ.૧૪,૯૬,૬૧૦/- પુરેપુરી અશકતતા માટેની વળતરની રકમ આવે છે. અરજદારને અકસ્માત ઈજાના કારણે ૨૨% કાયમી આંશિક અશકતતા રહેલી હોઈ સદર રકમની ૨૨% રકમ રૂ.૩,૨૯,૨૫૪/- (અંકે રૂપિયા ત્રણ લાખ ઓગણત્રીસ હજાર બસો ચોપ્પન પુરા) વળતર તરીકે અરજદારને ચુકવી આપવા સામાવાળા જવાબદાર બને છે. જેથી મુદ્દા નં.૫ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(ઈ)** આ કામે છઠ્ઠો મુદ્દો અરજદાર સામાવાળા પાસેથી વ્યાજ તથા પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. આ કેસમાં સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અરજદારને અકસ્માત ઈજાઓ થયેલ હોવા છતાં સામાવાળાએ વળતર પેટે કોઈ રકમ અરજદારને ચુકવી આપેલ નથી કે કમિશનરશ્રી સમક્ષ જમા કરાવેલ નથી. જેથી સામાવાળાએ કાયદાની કલમ-૪-એ(૩) મુજબ ડિફોલ્ટ કરેલ હોઈ તેઓ કાયદાની કલમ-૪-એ(૩)(એ) મુજબ વળતરની રકમ ઉપર અકસ્માત ઈજા તા.૧૨/૦૩/૨૦૨૧ થી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ ચુકવી આપવા માટે જવાબદાર બને છે. સામાવાળાએ નોટીસ બજવા છતાં આ કામે હાજર થઈ વળતરની રકમ નિયત સમયમર્યાદામાં ન ચુકવી આપવાના કોઈ વ્યાજબી કારણો જણાવેલા કે પુરવાર કરેલા નથી. જેથી સામાવાળાને કાયદાની કલમ-૪-એ(૩)(બી) મુજબ વળતરની રકમની ૫૦% રકમ રૂ.૧,૬૪,૬૨૭/- (અંકે રૂપિયા એક લાખ ચોસઠ હજાર છસો સત્યાવીસ પુરા) પેનલ્ટી તરીકે અરજદારને ચુકવી આપવા હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. જેથી મુદ્દા નં.૬ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ- ૪-એ નીચે મુજબ છે.

**કલમ-૪-એ :**

**4A** Compensation to be paid when due and penalty for default.

**(1)** Compensation under section 4 shall be paid as soon as it falls due.

**(2)** In case where the employer does not accept the

liability for compensation to the extent claimed, he shall be bound to make provisional payment based on the extent of liability which he accept, and, such payment shall be deposited with the commissioner or made to the [employee], as the case may be, without prejudice to the right of the [employee] to make any further claim.

**(3)** where any employer is in default in paying the compensation due under this act within one month from the date it fell due, the commissioner shall,

(a) direct that the employer shall, in addition to the amount of the arrears,pay simple interest thereon at the rate of twelve percent. per annum or at such higher rate not exceeding the maximum of the lending rates of any scheduled bank as may be specified by the central government, by notification in the official gazette, on the amount due ; and

(b) if in his opinion, there is no justification for the delay, direct that the employer shall, in addition to the amount of the arrears and interest thereon, pay a further sum not exceeding fifty percent of such amount by way of penalty provoded that an order for the payment of penalty shall not be passed under clause(b) without giving a reasonable opportunity to the employer to show cause why it should not be passed.

Explanation – for the purposes of this subsection, "scheduled bank" means a bank for the time being included in the second schedule to the reserve bank of india act, 1934 (2 of 1934).

**(એફ)**આ કામે અરજદાર તરફે આંક–૦૩ ના લીસ્ટથી નિ.૩/૬ થી દીર્ઘાયુ ઓર્થોપેડીક હોસ્પીટલ અમદાવાદ ખાતે લીધેલ સારવારના દવાના બીલો રૂા.૩૨,૩૫૦/– ના તથા નિ.૩/૭ થી ધ્રુન ઓર્થોપેડીક હોસ્પીટલ ઝાલોદ મુકામે લીધેલ સારવારના દવાના બીલો રૂા.૩૦૮૦/– ના રજુ કરેલા છે. સદર સારવારના બીલોની રકમ સામાવાળાએ અરજદારને ચુકવી આપેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ કાયદાની કલમ–૪(૨એ) મુજબ સારવારના ખર્ચની રકમ કુલ રૂા.૩૫,૪૩૦/– (અંકે રૂપિયા પાત્રીસ હજાર ચારસો ત્રીસ

પુરા) અરજદારને ચુકવી આપવા સામાવાળા જવાબદાર બને છે. કાયદાની કલમ–૪(૨એ) નીચે મુજબ છે.

**<u>કલમ–૪(૨એ)</u>**
The employee shall be reimbursed the actual medical expenditure incurred by him for treatment of injuries caused during the course of employment.

**(જી)** સામાવાળા દ્વારા વળતરની રકમ નિયત સમયમાં ન ચુકવવાના કારણે અરજદારને આ અરજી કરવી પડેલ હોઈ અરજી ખર્ચના રૂા.૩૦૦૧/– (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા) અરજદારને ચુકવી આપવા માટે સામાવાળા જવાબદાર ઠરે છે.

**(૧૨)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આથી આ કામના સામાવાળાને અરજદારને થયેલ અકસ્માત ઈજાના કારણે રહેલી કાયમી અશકતતાના વળતરની રકમ રૂા.૩,૨૯,૨૫૪/– (અંકે રૂપિયા ત્રણ લાખ ઓગણત્રીસ હજાર બસો ચોપ્પન પુરા), વળતરની રકમ પર અકસ્માત ઈજા તા.૧૨/૦૩/૨૦૨૧ થી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ, સારવારના ખર્ચની રકમ રૂા.૩૫,૪૩૦/–(અંકે રૂપિયા પાત્રીસ હજાર ચારસો ત્રીસ પુરા), અરજી ખર્ચની રકમ રૂા.૩૦૦૧/– (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા) તથા વળતરની રકમની ૫૦% રકમ રૂા.૧,૬૪,૬૨૭/– (અંકે રૂપિયા એક લાખ ચોસઠ હજાર છસો સત્યાવીસ પુરા) પેનલ્ટી તરીકે અરજદારને ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવામાં આવે છે.

(૨) આથી સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન–૩૦ માં તેઓએ અરજદારને ચુકવવાપાત્ર થતી વળતર, વ્યાજ, ખર્ચ, પેનલ્ટી અને સારવારના ખર્ચની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવવી.

(૩) સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:૦૭/૦૩/૨૦૨૩**
**સ્થળ :દાહોદ**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**કમિશનર**
**કર્મચારી વળતર ધારો**
**મજુર અદાલત, દાહોદ**